**લઘુત્તમ વેત્તન અધિનિયમ ૧૯૪૮ હેઠળના ખાસ ભથ્થાની જાહેરાત અંગે.**

વંચાણે:- ૧. સરકારશ્રીના શ્રમ અને રોજગાર વિભાગ નાં તા:૨૯.૧૨.૨૦૧૪ ના ઠરાવ ક્રમાંક: **KHR/ 2014 /188 /LVD /10 /2013 /575849/M(2)** અનુસાર લઘુત્તમ વેતનનો એનેક્ષર(અનુસુચિત)મુજબ.જેમા ઉલ્લેખ કરવામાં આવેલ મુજબ ૦૧એપ્રીલ અને ૦૧ ઓકટોમ્બર એ ખાસ ભથ્થુ મળવાપાત્ર થશે.

૨ નાયબશ્રમ આયુકત અને લઘુતમ વેતન અધિનિયમ,૧૯૪૮ અન્વયેના સક્ષમ અધિકારી,ગાંધીનગર શ્રમઆયુકતની કચેરી,ગુજરાત રાજય,**ISO9001,2015** ઉધોગ ભવન,બ્લોકનં.૧૧,૧૨ અને ૧૪ બીજેમા, સેકટર ૧૧,ગાંધીનગર,તા:૨૮/૦૯/૨૦૧૮ ના પરિપત્ર ક્રમાંક: શ્ર.આ.૬ /૨ /૨૦૧૮/ ૧૪૧૬ થી ૧૫૨૯.

## :: પરિપત્ર ::

નવસારી કૃષિ યુનિવર્સિટી નવસારી કેન્દ્રના તમામ યુનિટ/સબ યુનિટ અધિકારીશ્રીઓને જણાવવામાં આવે છે. વંચાણે લીધેલ:૧: મુજબ ૦૧ ઓકટોમ્બર એ ખાસ ભથ્થા મળવાપાત્ર થાય છે જે **વંચાણે લીધેલ:૨** ના પરિપત્ર માં જણાવીઆ મુજબ તા:૦૧.૧૦.૨૦૧૮ થી તા:૩૧.૦૩.૨૦૧૯ના સમયગાળા દરમ્યાન ના ખાસ ભથ્થાના દૈનિક દર માં **રૂા.૦૪.૪૦પૈસા** નો ઘટાડો થયેલ છે. પરતું ગુજરાત રાજયના વિવિધ માલિક મંડળો/એસોસીએશન દ્વારા તેઓના સભ્યોને ખાસ ભથ્થાના હાલના પ્રવર્તમાન દરો તા.૩૧.૦૩.૨૦૧૯ સુધી યથાવત રાખવા આગ્રહ ભરી અપીલ કરેલ છે.જે ધ્યાને લેતા કાળજીપુર્વક ની વિચારણાના અંતે હાલના ખાસ ભથ્થાના પ્રવર્તમાન દરો તા:૩૧.૩.૨૦૧૯ સુધી યથાવત રાખવામાં આવે છે.

આથી નિયત કરેલ મુળ વેતનના દરો ઉપરાંત જીવન નિર્વાહના આંક ઉપર આધારીત આપવામાંઆવતુ ખાસ ભથ્થા શ્રમયોગીઓ ને તા:૦૧-૧૦-૨૦૧૮ થી તા:૩૧-૦૩-૨૦૧૯ સુધીના ૬(છ) માસના સમય માટે **દૈનિક રૂા.૩૬.૨૦પૈસા (અંકે રૂપિયા છત્રીસ અને વીસ પૈસા પૂરા) ચુકવવાના રહેશે**.

| ક્રમ | કામદારોના વર્ગો. | દૈનિક લઘુત્તમ વેતન દર. ઝોન-૧ | ઝોન-૨ | |
|---|---|---|---|---|
| ૧ | **કુશળ** | **૨૯૩** | **૨૮૪** | **ઝોન-૧**:-ગુજરાત રાજયમાં,ગુજરાત પ્રોવિશિયલ મ્યુનિસીપલ કોર્પોરેશન અધિનિયમ, ૧૯૪૯ હેઠળ રચાયા પ્રમાણેના મ્યુનિસીપલ કોર્પોરેશનની હદો ની અંદર ના વિસ્તારોનો અને ગુજરાત નગરપાલીકા અધિનિયમ,૧૯૬૩ હેઠળ રચાયા પ્રમાણેની નગરપાલિકા હદોની અંદરના વિસ્તારોમાં અને સબંધિત શહેરી વિકાસ સત્તામંડળોની હકુમતની અંદર આવતા વિસ્તારોના સમાવેશ થશે. |
| ૨ | **અર્ધકુશળ** | **૨૮૪** | **૨૭૬** | **ઝોન-૨**:-માં ઝોન-૧માં સમાવિષ્ટ હોય તે વસ્તારો સિવાયના ગુજરાત રાજયના તમામ વિસ્તારોનો સમાવેશ થશે. |
| ૩ | **બિન કુશળ** | **૨૭૬** | **૨૬૮** | |

મુળ વેતનના દરો ઉપરાંત જીવન નિર્વાહના આંક ઉપર આધારીત આપવામાંઆવતુ ખાસ ભથ્થા

| ક્રમ. | તારીખ થી તારીખ | **વધારો** | **ઘટાડો** | **આપવા પાત્ર કુલ ભથ્થા** |
|---|---|---|---|---|
| ૧ | ૦૧-૧૦-૨૦૧૭ થી ૩૧-૦૩-૨૦૧૮ | ------ | ---- | |
| ૨ | ૦૧-૦૪-૨૦૧૮ થી ૩૦-૦૯-૨૦૧૮ | ૦૬.૬૦ | ------- | ૨૯.૬૦ |
| ૩ | ૦૧-૧૦-૨૦૧૮થી ૩૧-૦૩-૨૦૧૯ | ------- | -------- | ૩૬.૨૦ |
| | | | | ૩૬.૨૦ |

**પ્રસ્તુત આદેશ ફાઇલ નોંધ પર મા.કુલપતિશ્રી ની મંજુરી મેળવી પરિપત્ર બહાર પાડવામાં આવે છે.**

**જા.નં.નકયુ./રજી/અ.૩.૧/૧૦૨૬૩-૩૧૨/૨૦૧૮.**
**નવસારી.** **તારીખ: ૨૯/૧૦/૨૦૧૮.**

ઈ/ચા.**કુલસચિવ**
**નવસારી કૃષિ યુનિવર્સિટી,**
**નવસારી.**

**નકલ સવિનય રવાના જાણ તેમજ અમલ થવા સારૂ.**

૧ નવસારી કૃષિ યુનિવર્સિટી નવસારી કેન્દ્રના તમામ કચેરી /યુનિટ /સબ યુનિટ અધિકારીશ્રીઓ તરફ જાણ તેમજ અમલ થવા સારૂ.વધુમાં જણાવવાનું કે ઉપરોકત દર સિકયુરીટી ગાર્ડ ને પણ લાગુ પડશે. જે જાણ સારૂ.